
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૩૧ ટકા

# સાહિત્યસભાના આગામી પ્રમુખ તરીકે રમેશ ઠક્કરની વરણી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એમની સામાન્ય સભામાં નવા પ્રમુખની વરણી કરવામાં આવી હતી. રવિવાર દિનાંક ૨૬ માર્ચના રોજ સાંજે પાંચ વાગ્યે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે ગાંધીનગર સાહિત્યસભાની સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું સંચાલન કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.





ત્રણ વર્ષનો કાર્યકાળ સફળતા પૂર્વક સંપન્ન કરી વિદાય લેતા પ્રમુખ સંજય થોરાતે એમના કાર્યકાળ દરમિયાન કરવામાં આવેલા કાર્યક્રમ અને સિદ્ધિઓ વર્ણવી હતી. ગાંધીનગર સાહિત્યસભાના આગામી પ્રમુખ તરીકે સંજય થોરાતે રમેશ ઠક્કરના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો અને એને સામાન્ય સભામાં સૌએ વધાવી લેતા આગામી ત્રણ વર્ષ સુધી નવા પ્રમુખ તરીકે રમેશ ઠક્કરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

નવનિયુક્ત પ્રમુખ રમેશ ઠક્કરે જણાવ્યું હતું કે ગાંધીનગર સાહિત્યસભાને તેઓ વધુ શ્રેષ્ઠ મુકામે પહોંચાડશે. ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ થયા બાદ એમણે એમની કારોબારીની રચના કરી હતી. એમાં ઉપપ્રમુખ તરીકે કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ', મહામંત્રી તરીકે પ્રાધ્યાપક સંજય પટેલની નિમણૂંક કરવામાં આવી હતી. કારોબારી સભ્યો તરીકે રમણભાઈ વાઘેલા, નટુભાઈ પરમાર, મનોજ શુક્લ, ઉમંગ વસાણી, પુલક ત્રિવેદી, શ્રીમતી નેહલ ગઢવી, સુશ્રી પ્રીતિ શર્મા, શ્રીમતી માયા ચૌહાણ અને દર્શન પુરાણીની પસંદગી કરવામાં આવી હતી. નવનિયુક્ત પ્રમુખ રમેશ ઠક્કરને સ્થાપક પ્રમુખ હરિકૃષ્ણ પાઠક, ટ્રસ્ટી પ્રજ્ઞાબહેન પટેલ અને વિદાય લેતા પ્રમુખ સંજય થોરાતે શુભકામનાઓ પાઠવી હતી.

# જલારામ મંદિરે રામનવમીએ રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

તા. ૩૦-૩-૨૦૨૩ ચૈત્ર સુદ નવમીને ગુરૂવારના રોજ ભગવાન શ્રી રામચંદ્રજીની જન્મ જયંતિના પૂનિત અવસરે શ્રી જલારામ ધામ, સેક્ટર-૨૯ ખાતે સવારે ૮.૩૦ કલાકે ભગવાન શ્રી રામચંદ્રજી તથા પૂ. શ્રી જલારામ બાપાની પૂજન વિધિ શરૂ થશે.

રઘુવંશી ધ્વજ વંદન સવારે ૧૦.૩૫ કલાકે થશે. સવારે ૧૦.૪૫ થી ૧૨ કલાક દરમિયાન હરિનામ સંકિર્તન તથા બપોરે ૧૨ કલાકે શ્રી રામ જન્મોત્સવ અને મહા આરતી થશે. ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને આ કાર્યક્રમમાં ભક્તિનો લાભ લેવા સંસ્થા વતી હાર્દિક નિમંત્રણ છે.

આ દિવસે સવારે ૯ થી ૨ દરમ્યાન રક્તદાન શિબિરનું આયોજન શ્રી જલારામ અભ્યુદય સદ્‌ભાવના ટ્રસ્ટ એન્ડ થેલેસેમિયા ડે કેર સેન્ટર તથા શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા રાખવામાં આવેલ છે. આ કેમ્પ થેલેસેમિયાના બાળકોના હિતાર્થે રાખવામાં આવેલ હોઈ જાહેર જનતાને આ કેમ્પનો અવશ્ય લાભ લેવા સંસ્થાની નમ્રપણે વિનંતી છે.

# રેડીયન્ટ સ્કૂલના વિદ્યાર્થીઓ ટેકવોન્ડો અને ક્યુબ કમ્પીટીશનમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા




ગાંધીનગર, તા. ૨૮

પાટનગરના સરગાસણ સ્થિત ટી.પી.-૯ વિસ્તારમાં આવેલ રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ટેકવોન્ડો અને ક્યુબ સ્પર્ધામાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતીને પોતાનું તથા શાળાનું નામ રોશન કરેલ છે. તાજેતરમાં યોજાયેલ ગાંધીનગર ડીસ્ટ્રીક ઈન્ટર ક્લાસ ટેકવોન્ડો ચેમ્પિયનશીપ-૨૦૨૩માં વિશ્વા આગજાએ ગોલ્ડ મેડલ, આદિત્ય ધોડકિયાએ સિલ્વર મેડલ તેમજ પ્રાંજલ ધોડકિયા અને અક્ષત અગજાએ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. બીજી તરફ રાજ્ય કક્ષાની નેશનલ ક્યુબ સિલેક્શન ચેમ્પિયનશીપ-૨૦૨૩માં મોઢ મન બ્રોન્ઝ મેડલ જીતીને નેશનલ ક્યુબ કમ્પીટીશન માટે પસંદગી પામ્યો હતો.

# "શિવરંજની" દ્વારા હિન્દી ફિલ્મના મધુર અને ક્લાસીકલ ગીતોની મહેફિલ "દિલ ને ફિર યાદ કિયા"

ગાંધીનગર તા.૨૮

"શિવરંજની" દ્વારા સંસ્થાના તમામ સભ્યોને માટે ગાંધીનગરમાં સંગીતને લગતા શિષ્ટ કાર્યક્રમો કરવામાં આવે છે. સંસ્થાની ઉત્તમ કાર્યક્રમો આપવાની પરંપરામાં આ વખતે તા.૨૯ બુધવારના રોજ વર્ષ પાંચમા અને અંતિમ કાર્યક્રમ તરીકે હિન્દી ફિલ્મના મધુર અને ક્લાસીકલ ગીતોની મહેફિલ એટલે "દિલ ને ફિર યાદ કિયા" યોજાનાર છે.

શ્રોતાઓ જેને કાયમી રીતે ગુનગુનાવતા હોય છે તેવા અણમોલ-મોંઘેરા, કાયમી યાદગાર હિન્દી ફિલ્મોના અદભુત ગીતોની મહેફિલ પેશ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ માટે નિરજ પાઠક, આનલ વસાવડા, નિલેષ બ્રહ્મભટ્ટ જેવા કલાકારો પોતાનું પરફોરમન્સ આપનાર છે. સંચાલન મોહસીન શેખ અને ઓરકેસ્ટ્રા પંકજ પાઠકનું છે ત્યારે આવા સુંદર કાર્યક્રમો આગામી વર્ષ ૨૦૨૩-૨૪માં માણવા માટે સંસ્થાનું સભ્યપદ રીન્યુ કરાવવા / નવું સભ્યપદ મેળવી લેવું. સૌને આ કાર્યક્રમ માટે હાર્દિક આમંત્રણ છે.



વસ્ત્રાપુરની સ્કુમ સ્કૂલ ખાતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના સહયોગથી ઈન્ટરનેશનલ વુશુ પ્લેયર, પ્રાઈમ મિનિસ્ટર એવોર્ડી અને માર્શલ આર્ટ એક્સપર્ટ અમનદીપ સિંઘ દ્વારા મહિલા સેલ્ફ ડિફેન્સ અને સેફટી પર ટ્રેનિંગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૫૦ છોકરીઓએ ભાગ લીધો હતો જેમાં મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.બી. ભાદરકા અને વસ્ત્રાપુર પોલીસ સી ટીમના ઈન્ચાર્જ એએસઆઈ પિંકીબેન રાવલ તેમની ટીમ સાથે હાજર રહ્યા હતા. મદદનીશ પોલીસ કમિશનર ગુરપ્રીત સિંઘ સ્યાન અને વસ્ત્રાપુર પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે.ડાંગરના માર્ગદર્શન અને સહયોગ હેઠળ મહિલા સુરક્ષા અંગે સ્વરક્ષણ તાલીમ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ સેમિનારમાં, અમનદીપ સિંહ અને તેમની ટીમે મહિલાઓને શીખવ્યું કે જ્યારે તેઓ જાતીય સતામણી, ઈવ-ટીઝિંગ, અપહરણ, બળાત્કાર વગેરે જેવી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરે ત્યારે કેવી રીતે રક્ષણ કરવું. સ્ત્રીઓને ૧૦ સંવેદનશીલ ભાગો પણ શીખવવામાં આવ્યા હતા જ્યાં તેઓ હુમલો કરી શકે છે અને બચાવમાં સફળતા મેળવી શકે છે.

# અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે 'Preplacement workshop'



ગાંધીનગર, તા. ૨૮

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અડાલજ દ્વારા બી.ફાર્મ, એમ. ફાર્મ અને ડી.ફાર્મ ફાઈનલ યરના વિદ્યાર્થીઓ માટે ૨૭-૩-૨૦૨૩ના રોજનું 'Preplacement workshop' આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે સ્વર્ણિમ સ્કૂલ ઓફ બીઝનેસના આસિસટન્ટ પ્રોફેસર મિ. પારસ પરમારને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્લેસમેન્ટ અને ઈન્ટરવ્યુંમાં વિદ્યાર્થીઓએ કઈ કી બાબતોનું ધ્યાન રાખવું, તેના વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમ કે resume building, grooming during interview, communication skill વગેરે બાબતો વિષે સમજાવવામાં આવ્યું હતું.

# ગુજરાતને સિનિયર નેશનલ ફેન્સીગ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલ મળ્યો

ગાંધીનગર, તા.૨૮

૩૩મી સિનિયર નેશનલ ફેન્સીગ ચેમ્પિયનશીપ ૨૦૨૨-૨૩ પુના, મહારાષ્ટ્ર ખાતે તા. ૨૪-૨૮ માર્ચ ૨૦૨૩ દરમ્યાન યોજાઇ હતી. જેમા દિવ્યા ઝાલા, શીતલ ચૌધરી, ખુશી સમેજા અને નીશા ચૌધરીએ ગુજરાત માટે ફોઈલ બહેનોની ટીમ ઈવેન્ટમા બ્રોન્ઝ મેડલ જીત્યો છે.

ગુજરાતે પ્રિ-ક્વાર્ટર ફાયનલમા રાઉન્ડમા દિલ્હીને ૧૫-૩થી હરાવ્યુ અને ક્વાર્ટર ફાયનલમા તામીલનાડુને ૪૫-૩૨ થી હરાવી સેમી ફાયનલમા સ્થાન મેળવ્યુ હતુ. જ્યા મણીપુર સામે ૪૫-૩૫ થી પરાજય થતા બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. આ ચારેય ખેલાડીઓ રાજ્ય સરકારની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત સંચાલીત સ્ટેટ એકેડમી સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમી ખાતે તાલીમ મેળવી રહ્યા છે. આ ઉપરાત ગુજરાતની સેબર બહેનોની ટીમ દ્રષ્ટી પટેલ, રીતુ પ્રજાપતી, આશા રાજપુરીયા, પ્રીયંકાકુમારી સઘલંકીએ સાતમુ સ્થાન, ભાઇઓની ફોઈલ ટીમ અમરસિહ ઠાકોર, સચીન પટણી, અજયસિહ ચુડાસમા અને દિવ્યરાજ સિહ ગોહિલે ૬ઠ્ઠુ સ્થાન, સિધ્ધરાજસિહ સરવૈયાએ ઈપી વ્યક્તિગતમા ૬ઠ્ઠુ સ્થાન, તથા ભાઈઓની ઈપી ટીમ સિધ્ધરાજસિહ સરવૈયા, કરણ ભાટ, હર્ષવર્ધનસિહ ઝાલા, જલ્પ પ્રજાપતીએ ૬ઠ્ઠુ સ્થાન, રીતુ



ચૌધરીએ ઈપી વ્યક્તિગત ઈવેન્ટમા ૧૦મુ સ્થાન મેળવતા ગુજરાતે ૧ બ્રોન્ઝ મેડલ મેળવવાની સાથે વ્યક્તિગત ઈવેન્ટમા ૨ અને ટીમ ઈવેન્ટમા ૧૬ ખેલાડીઓએ ગોવા ખાતે યોજાનાર આગામી ૩૭મી નેશનલ ગેમ્સ માટે ક્વોલીફાય કર્યુ છે. વિજેતા અને નેશનલ ગેમ્સ માટે ક્વોલીફાય થનાર ખેલાડીઓને અને તેમના કોચીઝને એમેચ્યોર ફેન્સીગ એસો. ઓફ ગુજરાત સ્ટેટના પ્રમુખ મુકેશભાઇ ચૌધરી અને મંત્રી ભરતજી ઠાકોરે અભિનંદન પાઠવ્યા હતા.

# અંબાજી મંદિર સેક્ટર-૧૪ ખાતે સ્વચ્છતોત્સવ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૮

આ કાર્યક્રમમાં ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા મહાત્મા ગાંધીનું ઉદાહરણ આપી બહેન ભાઈઓને સમજાવ્યું હતું કે સ્વચ્છતામાં આરોગ્યનો ફાયદો થાય છે અને સ્વચ્છતામાં ભગવાનનો નિવાસ હોય છે. મહાનગર પાલિકાના રાહુલભાઈ રામીએ સ્વચ્છતા અંગે માહિતી આપી હતી. તેઓની સાથે અન્ય હેતલબેન દસાડીયા, નીતાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ડૉ ગુલાબચંદ પટેલ બુથ પ્રમુખ ૧૫૮, જયંત ચૌહાણ અને ધર્મિષ્ઠાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાંતિભાઈ પટેલ એડવોકેટ, બાબુભાઈ પરમાર, મનુભાઈ પારેખ, શક્તિ મંડળના પ્રમુખ નૈમિષાબેન પંડયા મંડળની તમામ બહેનો સાથે અને ઉષાબેન ચૌહાણ પ્રમુખ માતૃ ગ્રુપ વંદના ગ્રુપની બહેનો સાથે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં બહેનોએ પ્રશ્નો રજૂ કર્યા હતા. રામીભાઈએ કોર્પોરેશન દ્વારા યોજાનાર સ્વચ્છતા રેલીમાં જોડાવા માટે નિમંત્રણ આપ્યું હતું. અંતમાં કાંતિભાઈ પટેલ દ્વારા સૌનો આભાર માન્યો હતો.

# સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા રન ફોર એન્વાયરમેન્ટ યોજાઈ



ગાંધીનગર, તા.૨૮

તા. ૨૮/૦૩/૨૦૨૩ના રોજ સવારે ૮.૦૦ કલાકે સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીથી મળેલ સુચના મુજબ તેમજ સંસ્થાના આચાર્ય ડૉ.એમ.જી.ભટ્ટના માર્ગદર્શન હેઠળ જી૨૦ અંતર્ગત રન ફોર ઈન્વાયરમેન્ટની થીમ પર દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં સંસ્થાના ૩૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોએ ભાગ લીધો હતો. દોડ માટેનો રૂટ સરકારી વિજ્ઞાન કોલેજથી મહાત્મા મંદિરને આવરી લઈને પરત સંસ્થાના ગેટ સુધીનો નક્કી કરવામાં આવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાની એનએસએસ અને એનસીસી યુનિટ સંભાળતા ડૉ. મનીષ વિસાવડિયા તેમજ ડૉ. જિજ્ઞાસા વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજનમાં સેક્ટર-૭, ગાંધીનગરના પોલીસ સ્ટાફનો પણ સારો સહકાર પ્રાપ્ત થયો હતો.

# લાયન્સ કલબ ઓફ ફેમિના દ્વારા ફીઝીયોથેરાપી સેન્ટરનો શુભારંભ



ગાંધીનગર, તા.૨૮

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના અને પીએસ વાય ગ્રુપ દ્વારા નવો પરમનન્ટ સેવા પ્રોજેક્ટ 'ફેમિના ફિઝિયોથેરાપી સેન્ટર' નો પ્રમુખ ટ્રીનીટી સરગાસણ ખાતે શુભારંભ માનનીય ડિસ્ટ્રીકટ ગવર્નર રસિકભાઈ પટેલ દ્વારા થઈ ગયો. પ્રોટોકોલ ઑફિસર જે.બી.રાવ, હરીશભાઈ ત્રિવેદી, કે.પી. પ્રજાપતિ તથા મહેન્દભાઈ ઠક્કર હાજર રહ્યા હતા. જેમાં રાહત દરે અત્યાધુનિક સાધનોથી ઈલેક્ટ્રોથેરેપી મોડાલીટીઝ દ્વારા દરેક પ્રકારની ફિઝિયોથેરાપી સારવાર આપવામાં આવશે. પહેલા એક અઠવાડિયામાં ફ્રી ફિઝિયોથેરાપી સારવાર આપવામાં આવશે. પ્રમુખ ડિમ્પલ દેસાઈના જણાવ્યા અનુસાર લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીનાએ આ ફિઝીયોથેરાપી સેન્ટર માટે બમ્પર હાઉસી જેવો ફંડ રેઈઝીંગ પ્રોજેક્ટ પણ કર્યો હતો. ફેમિના કલબના સભ્યો તથા પીએસવાય ગ્રુપના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧


# સોનીપુર પ્રા. શાળા ધો- ૮ના બાળકોનો વિદાય સમારંભ



ગાંધીનગર, તા.૨૮

ધોરણ ૮ ના બાળકોના વિદાય સમારંભ નિમિતે ગામના દાતા તરફથી શાળા ના તમામ બાળકોને ભાજીપાવ, પુલાવ, ગુલાબ જાંબુ અને છાસ નું ભોજન આપવામાં આવ્યું હતું. તેમજ ધોરણ ૮ ના તમામ બાળકોને શાળા પરિવાર તરફથી ફાઈલ ફોલ્ડર, પાઉચ અને પેન ભેટ આપવામાં આવી હતી. બાળકો તરફથી શાળાને સરસ્વતી દેવી નો ફોટો આપવામાં આવ્યો હતો.

## જન્મદિને વધામણી



રૂપલ રાજુલ ભટ્ટ
મો. ૭૯૯૦૭ ૯૮૩૨૭



ચૌહાણ પિયુષ પ્રવિણભાઈ
મો. ૯૯૨૫૩ ૯૨૩૭૩



બિનલ હિરેન શાહ



કુંદન પોપટભાઈ પ્રજાપતિ



શિવન જીગરભાઈ પટેલ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પ્રજાપતિ રણછોડભાઈ નાથાભાઈ ઉ.વ.૭૯, મહુન્દ્રા
- સ્વ.ઠાકોર લક્ષ્મીબેન ડાહયાજી ઉ.વ.૬૪, મહુન્દ્રા
- સ્વ.ઠાકોર મોરાજી ભીખાજી ઉ.વ.૩૩, મહુન્દ્રા